# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
# PRESS NOTE

**Date: 22nd October, 2021** / 14677

**Sub: GCCI Business Women Committee Take Off & Networking Meet**

On Friday, 22nd October, 2021, GCCI Business Women Committee had organized Take off & Networking Meet of New Chairperson, Co-Chairperson and Committee for the year 2021-22.

The programme was graced by Chief Guest Shri Vikas Gupta, IEDS, Jt. Director, Ministry of MSME, MSME Development Institute, Ahmedabad and Dr. Dharini Shukla, Director & Managing Trustee, Vedant Education Group as the Guest of Honour.

Smt. Kusum Kaull Vyass took over the charge of Chairperson of Business Women Committee. Ms. Sarangi Kanani and Mrs. Runal Patel became the Co-chairpersons for the year 2021-22.

In his speech Chief Guest Shri Vikas Gupta emphasized on use of Information Technology and Networking groups and also ensure to provide support from MSME Department for Women Entrepreneurs

Guest of Honour Dr. Dharini Shukla added that women should help other women with positive approach and also encourage grass route level women to become entrepreneur.

The Outgoing Chairperson Smt. Shilpaben Bhatt gave a brief overview of the activities carried out during her tenure and congratulated New Team.

Women Entrepreneur members attended the event in large numbers. The members of press & media also remained present on the event.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

## પ્રેસ નોંધ

---

**તારીખ :** ૨૨-૧૦-૨૦૨૧ /14677

**વિષય :** **ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન કમિટિના ચેરપર્સન અને કો-ચેરપર્સનના ટેક ઓફ મીટનું આયોજન.**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બિઝનેસ વિમેન કમિટિના ચેરપર્સન અને કો-ચેરપર્સનના ટેક ઓફ મીટ સમારોહ તા.૨૨-૧૦-૨૦૨૧ના રોજ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે શ્રી વિકાસ ગુપ્તા, જોઈન્ટ ડાયરેક્ટર, MSME ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ અને અતિથિવિશેષ પદે ડૉ. ધારિણી શુક્લ, ડાયરેક્ટર અને મેનેજીંગ ટ્રસ્ટી, વેદાંત એજ્યુકેશન ગ્રુપ ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ-૨૦૨૧-૨૨ માટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના બિઝનેસ વિમેન કમિટિના અધ્યક્ષ તરીકે શ્રીમતી કુસુમ કૌલ વ્યાસ અને મીસ સારંગી કાનાની તેમજ મીસ રૂનાલ પટેલની સહ-અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવેલ છે.

શ્રી વિકાસ ગુપ્તાએ ઉદ્યોગોને વધારવા માટે નેટવર્કીંગ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી ના ઉપયોગ પર ભાર મુક્યો હતો અને MSME વિભાગ તરફથી જે પણ સહકાર જોઈએ તે આપવાની ખાત્રી આપી હતી.

ડૉ. ધારિણી શુક્લએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે મહિલાઓએ પોઝીટીવ એપ્રોચ અને નાના બહેનો ખાસ કરીને ગ્રાસરૂટ ની બહેનોને ઉદ્યોગો કરવા મદદરૂપ થવા અને દરેક ફીલ્ડમાં બહેનોને આગળ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કાર્યક્રમ દરમ્યાન આઉટ ગોઈંગ ચેરપર્સન શ્રીમતી શિલ્પા ભટ્ટે તેમના કાર્યસમયમાં કરવામાં આવેલ કાર્યક્રમોની સંક્ષિપ્ત માહિતી આપી હતી અને તેમણે નવી ટીમને શુભેચ્છા પાઠવી હતી.

મીસ સારંગી કાનાની, સહ-અધ્યક્ષ, બિઝનેસ વિમેન કમિટિ એ આભારવિધિ સંપન્ન કરી હતી.

આ પ્રસંગે મહિલા સાહસિકો, પૂર્વ-ચેરપર્સનો, આમંત્રિતો અને પ્રેસ-મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

તંત્રીશ્રી/ ચીફ રીપોર્ટર/ વાણિજ્ય તંત્રીશ્રી/ બ્યુરો ચીફ/ ન્યુઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી છે.

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
**સેક્રેટરી જનરલ**